ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com)

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

નંબર :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૪૭/૨૦૨૫ તા. ૧૨/૦૫/૨૦૨૫

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૫/૦૫/૨૦૨૫ થી તા.૧૧/૦૫/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોયઃ-

(૧) મિયાણી મરીન પો.સ્ટે. જા.જોગ નં.૦૨/૨૦૨૫ તા.૨૪/૩/૨૦૨૫ મુજબ ના કામે ગુમ થનાર હિનાબેન D/O દેવાભાઇ મોકરીયા ઉ.વ.૧૯ વર્ષ રહે.ભાવપરા ગામ તા.જી.પોરબંદર વાળીને તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ જુનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના ખિરસરા ગામથી મિયાણી મરીન પો.સ્ટે. HC એન.ડી.ભરવાડ નાઓએ કાઢેલ છે.

મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-

મહીલા પો.સ્ટેઃ-

(૧) તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા ચોપાટી વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય, જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ કર્લીના પુલ નજીક ના વિસ્તારમાં અવાવરૂ જગ્યાયે પેટ્રોલીંગ કરી ત્યાં કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ ના હોય.

(૨) તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા છાંયા વિસ્તારમાં રાત્રીના કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ તથા સ્થાનીક રહીશોને સીસીટીવી કેમેરા ચાલુ છે કે કેમ તે બાબતેની તથા સી.સી.ટી.વી .કેમેરા ચાલુ રાખવા તેમજ જાણવણી કરવા યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૩) તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ " મનન હોસ્પીટલ " તથા " રિધ્ધી હોસ્પીટલ"ની મુલાકત લઈ ત્યાં કોઈ ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવ્રુતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય .તેમજ હોસ્પીટલમાં સારવાર અર્થે આવેલ (૧) વર્ષાબેન લીલાભાઈ સોલંકી (૨) હિરલબેન અંકુરભાઈ સોલંકી (૩) રૂડીબેન હમીરભાઈ (૪) કિરણબેન જીવંશભાઈ.. વગેરે અન્ય દસ મહિલાની મુલાકાત લઈ મહિલા જગ્રુતી બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૪) તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા મફતીયાપરા કડીયા પ્લોટમા રહેતા સિનીયર સિટીઝન નં.(૧) રામભાઈ બાબુભાઈ મોઢવાડીયા ઉ.વ.૬૯ રહે.મફતીયાપરા પોરબંદર (૨) જીવતીબેન મનસુખભાઈ મકવાણા ઉ.વ.૭૫ રહે-કડીયાપ્લોટ (૩) લીંના અરજણભાઈ ખુંટી ઉ.વ.૬૨ રહે-કડીયા પ્લોટ (૪) મરીયમબેન ઈસ્માઈલ ભાઈ ઉ.વ.૭૦ રહે-કડીયા પ્લોટ વાળાઓની મુલાકાત લઈ કાયદાકીય માહીતી આપેલ તેમજ રામ ગેસ્ટહાઉસ પાસે કુલસુમ વાટીકા એપાર્ટમેંટ જઈને સી.સી.ટી.વી.કેમેરા ચાલુ રાખવા રણછોદભાઈ ભાણાભાઈને પુજતાછ કરેલ તેમજ યોગ્ય માર્ગદરશન આપેલ.

(૫) તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારી દ્વારા સિધ્ધાત મેટેરનીટી હોસ્પીટલે જઈ ગર્ભ પરીક્ષણ કરવામા આવે છે કે તેની તપાસ કરીને રજીસ્ટર ચેક કરેલ તેમજ સારવારમાં આવેલ બહેનો (૧) દિપ્તીબેન ભરતભાઈ ભુતીયા (૨) ક્રિષ્નાબેન વિજયભાઈ મકવાણા (૩) રવિનાબેન વિજયભાઈ સીંગલ (૪) રમાબેન આનંદભાઈ મોકરીયા (૫) ભુમીકાબેન નવસિર ગીરનારી રહે પોરબંદર વાળાઓને કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ ગોઢાણીયા કોલેજ પશુ અભ્યારણ્ય અવાવરૂ જગ્યાએ પેટ્રોલીંગ દરમ્યાન કોઈ નવજાત શીશુ ત્યજી દેવામા આવેલ નથી વગેરે મતલબના રીપોર્ટ આધારે સ્ટે.ડા.નોંધ કરી.

મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે
<u>મહીલા પો.સ્ટે.</u>:-

(૧) તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા રેલવે સ્ટેશન વાહન ચેકીંગ દરમ્યાન મહિલાઓ ઘર કામ કરી તેના બાળકો સાથે ઘરે પરત ફરી રહેલ હોય. તેઓની મુલાકાત લીધેલ અને રાત્રિના સમયે રસ્તામાં તેમને કોઈ પરેશાન કરતુ નથી ને જે વિશે તેમને માર્ગદર્શન આપે કે તમને કોઈ હેરાન પરેશાન કરે તો અથવા રસ્તામાં ઘરે જતા તમને કોઈ મુશ્કેલી પડે તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા જણાવે તેમજ મહિલા હેલ્પલાઇન 181 માં કોલ કરી મદદ મેળવી શકો છો જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ.

(૨) તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ મેટરનિટી હોસ્પિટલ મનન હોસ્પિટલ તથા રિદ્ધિ હોસ્પિટલે ગયેલ અને હોસ્પિટલના રજીસ્ટરો

ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિશ્રણ બાબો કે બેબીની તપાસ) કરવામાં આવતી નથી જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ. તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભ જાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પો.સ્ટ.નો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૩) તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કડિયા પ્લોટ મફતીયા પરા વિસ્તાર સિનિયર સિટીઝનની મુલાકાત લીધેલ. સિનિયર સીટીઝનને તેમના ઘર પરિવારના સભ્યો સારી રીતે સાચવે છે કે નહીં તેમજ તમોને જમવાનું સમયસર આપે છે કે નહીં તમારી તબિયત સારી ન હોય ત્યારે તમને તમારા સંતાનો હોસ્પિટલમાં સારવાર અર્થે તમોને લઈ જાય છે કે નહીં જે બાબતે હાલ ચાલ પુછેલ કોઈપણ જાતની તકલીફ હોય તો પોલીસને જાણ કરવા બાબતની માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલ રૂમને ૧૦૦ ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરુરી માર્ગદર્શન આપેલ.

(૪) તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા છાંયા રોડ પર આવેલ મેટરનિટી હોસ્પિટલ સિદ્ધાર્થ હોસ્પિટલે ગયેલ અને હોસ્પિટલના રજીસ્ટરો ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિક્ષણ (બાબો કે બેબીની તપાસ) કરવામાં આવતી નથી. જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભ જાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની બહેનોને કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પો.સ્ટ.નો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ ત્યાંથી પક્ષી અભ્યારણ વિસ્તાર પેટ્રોલિંગ દરમ્યાન(અવાવરું જગ્યાએ ચેક કરતા તાજુ જન્મેલ નવજાત શિશુ કોઈએ ત્યજી દીધેલ નથી ને જેની ખાતરી કરી તપાસ કરતા આવું કાંઈ જણાઈ આવેલ નહીં

જે આપશ્રી ને વિદિત થાય.

(ઋતુ રાબા)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર